# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં શિયાળુ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ (ઘઉં અને ચણા) વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

---------------------------------------------------------------------------------------------

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ ૧૯/૧૦/૨૦૨૨ ના રોજ **શિયાળુ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ (ઘઉં અને ચણા)** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા **ડૉ. વાય.બી. ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. વાય.બી. ચૌહાણ** દ્વારા શિયાળુ પાકોની સુધારેલી ખેતી પદ્ધર્તિ અને રોગ જીવાત નિયત્રણ, **શ્રી એસ. વી. રાઠોડ** દ્વારા શિયાળુ પાકોમાં ખાતર અને નીંદણ વ્યવસ્થાપન અને **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા શિયાળુ પાકોમાં નવીન જાતોની સમજણ અને પ્રથમ હરોળના નિર્દર્શનની અગત્યતા. વધુમાં સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના જુદા જુદા ગામનાં ૨૫ જેટલા ખેડૂતોને ઘઉં અને ચણાના નવીંન જાતોના બિયારણ નિર્દશનના રૂપમાં આપવામાં આવ્યા. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ .







